અપીલ અરજી નં.૨૯૮ તા.૩૧–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી શાંતિલાલ બબનરાવ સેગંડકર
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી શાંતિલાલ બબનરાવ સેગંડકર ની તા.૨૯–૧૧–૧૦ ની અરજીથી જાહેર બાંધકામ વિભાગ સેન્ટ્રલઝોન સુરત,સબંધે મહાનગરપાલિકાના મ્યુ.કમિ.ને તા.૧૦–૮–૧૦ અને ટ્રાફીકસેલને તા.ર–૩–૧૦ ના જાહેર બાંધકામ ના સમિતિ અધ્યક્ષને આપેલી અરજીના લેખિત જવાબ તથા ચીફ કાર્યપાલક ઈજનેર, ડે.ઈજનેર ટ્રાફીકસેલને મથુરાભુવન સામે જકાત રેલ્વે સ્ટેશન સુરત રોડ ડીવાઈડર અને ફુટપાથ બનાવવા માટે લેખિતમાં અરજીઓ આપી છે છતાં કામ કરતાં નથી તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૧–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૯૮/૨૦૧૦–૧૧

શ્રી શાંતિલાલ બબનરાવ સેગંડકર ની તા.૨૯–૧૧–૧૦ ની અરજીથી જાહેર બાંધકામ વિભાગ સેન્ટ્રલઝોન સુરત, સબંધે મહાનગરપાલિકાના મ્યુ.કમિ.ને તા.૧૦–૮–૧૦ અને ટ્રાફીકસેલને તા.ર–૩–૧૦ ના જાહેર બાંધકામ ના સમિતિ અધ્યક્ષને આપેલી અરજીના લેખિત જવાબ તથા ચીફ કાર્યપાલક ઈજનેર, ડે.ઈજનેર ટ્રાફીકસેલને મથુરાભુવન સામે જકાત રેલ્વે સ્ટેશન સુરત રોડ ડીવાઈડર અને ફુટપાથ બનાવવા માટે લેખિતમાં અરજીઓ આપી છે છતાં કામ કરતાં નથી તેની માહિતી આપવા બાબતે કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૩૪ તા.૫–૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારન તેમની અરજીની તેમની જાણ હેઠળ કોઈ તબદીલી થયેલ હોય તો તેની નકલ સાથે તેમની તા.૧૦–૮–૧૦ તથા તા.ર–૩–૧૦ ની અરજીઓની નકલ પણ અપીલ અરજી કે મુળ અરજી સાથે સામેલ થઈ આવેલ ન હોઈ તે પણ મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલ તરફથી પત્ર નં.ટ્રાફીકસેલ/૧૭૩૦ તા.૧૧–૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૦૫ તા.૩૦–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર ટ્રાફીકસેલને તબદીલ કર્યા અંગેની પત્રની નકલ, અરજદારની તા.૧૦–૮–૧૦ ની અરજીની નકલ, અરજદારની તા.ર–૩–૧૦ ની અરજીની નકલ, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષની તા.૧૭–૧૧–૦૯ ની નોંધની નકલ, અરજદારની તા.૩–૧૧–૦૯ ની અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટ્રાફીક સેલ/આ.નં.૧૫૭૨ તા.૧૦–૧૨–૧૦ ના પત્રની નકલ, અરજદારની તા.૧૦–૧–૧૧ ના રોજ આપેલ પૂરક પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા૧૦–૧–૧૧ નો પૂરક પત્ર તથા તેની સાથે તા.ર–૩–૧૦ તથા તા.૧૦–૮–૧૦ ની અરજીની નકલ તથા ફી ભર્યાની વિગત રજૂ કરેલ છે. તથા તા.૩–૧૧–૦૯નો પત્ર, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષની નોંધની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૯–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૦૫ તા.૩૦–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર ટ્રાફીકસેલને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ટ્રાફીક સેલ તરફથી પત્ર નં.ટ્રાફીકસેલ/આ.નં.૧૫૭૨ તા.૧૦–૧૨–૧૦ થી અરજદારને " તા.ર–૩–૧૦ થી કરેલ અરજી જેમાં તિરૂપતી હોટલથી જૈન ધર્મશાળા સુધી રસ્તાની વચ્ચે લોખંડની ગ્રીલ અથવા પથ્થરની પાળી બનાવવા જણાવેલ. જેથી આવતા જતા વાહનો રોંગ સાઈડમાં ન આવે અને અકસ્માત ન થાય. ટ્રાફીક સેલ કક્ષાએથી આયુર્વેદિક હોસ્પિટલ સામે આવેલ જુના આઈલેન્ડને તોડી નવું આઈલેન્ડ બનાવવાની કામગીરી પૂર્ણ થવા આવેલ. જે દરમ્યાન સદર આઈલેન્ડ રેલ્વે સ્ટેશન તરફથી છ થી આઠ ફુટ નાનું કરવા અંગે તે વખતના મદદનીશ પોલીસ કમિ.શ્રી એન. સી. પટેલ ધ્વારા માર્ચ ૨૦૧૦ દરમ્યાન દબાણપૂર્વેની રજૂઆત ટ્રાફીક સેલમાં કરેલ. જે અન્વયે આ આઈલેન્ડનું કામ કરતાં સ્પોન્સર ધ્વારા તે ભાગ તોડી નવેસરથી આઈલેન્ડનું કામ તથા સેન્ટ્રલઝોન ધ્વારા રસ્તાનું પેચવર્ક વિગેરેનું કામ મે ૨૦૧૦ દરમ્યાન પૂર્ણ કરવામાં આવેલ. આમ સંપૂર્ણ આઈલેન્ડનું બહારનું કામ પૂર્ણ થયા બાદ જ તિરૂપતિ હોટલથી જૈન ધર્મશાળા થઈ આઈલેન્ડ સુધીના ભાગમાં જુંનુ ગાર્ડસ્ટોનનું ડિવાઈડર છે તેટલો ભાગ ઉપરથી તોડી તેની જગ્યાએ તથા જે ભાગમાં ડિવાઈડર નથી તે ભાગમાં નવા ગાર્ડસ્ટોનની કામગીરી કરવી શકય હતી. જેથી તે વખતે આપની સાથે ચર્ચા થયા મુજબ ટ્રાફીક સેલ કક્ષાએથી સ્થળ પર લોખંડની બે રીકેડીંગ એકબીજા સાથે બાંધી તિરૂપતિ હોટલથી જૈન ધર્મશાળા સુધીના ભાગમાં ડિવાઈડર નીચું છે ત્યાં મુકાવવામાં આવેલ.

જે હાલ પણ સ્થળ પર સારી હાલતમાં છે. આમ આપે સૂચવેલ ગાર્ડસ્ટોનનાં ડિવાઈડર કામ જુના ગાર્ડસ્ટોન તોડી કરવાનું રહેતું હોવાથી ખાતાકીય રીતે હાથ ધરી શકાય તેમ ન હતું તે કામ માત્ર ટ્રાફીક સેલ ખાતામાં કામ કરતાં ઈજારદારશ્રીને કરવા ટ્રાફીક સેલ તરફથી જણાવવામાં આવેલ જ છે પરંતુ ઉપરોકત કારણોને લઈ વિલંબ થયેલ અને ત્યાર બાદ દિવાળી તહેવાર આવેલ હોવાથી કામ થઈ શકેલ નથી કામગીરી કરાવવા અંગે ટ્રાફીકસેલ કક્ષાએથી સ્થળ પર ડિવાઈડર તેમજ આઈલેન્ડ પાસે ચેનેલાઈઝરનું માર્કિંગ પણ કરવામાં આવેલ જ છે. જેથી કોન્ટ્રાકટરના માણસો આવ્યેથી ટુંક સમયમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે. તેવું જણાવેલ છે.જે બાબતે અરજદારે તા.૩૧–૧૨–૧૦ ના રોજ મુળ અરજી સબંધે કોઈ પણ લેખિતમાં જવાબ આપ્યો નથી કે રૂબરૂમાં જવાબ આપેલ નથી તેવું જણાવી તા.૩૧–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૦–૧–૧૦ થી પૂરક વિગતોમાં અપીલ તબકકે અમોએ અપીલ કરવા છતાં કોઈ પણ જાતની માહિતી મળેલ નથી તેમજ અરજીનો નિકાલ થયો નથી તેવી રજૂઆત કરેલ છે. જેની સાથે અરજદારે ફી ભર્યાની રસી તથા તા.૨–૩–૧૦ તથા તા.૮–૧૦–૦૮ ની અરજીઓ પણ રજૂ કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી તે બાબતે અરજદારને નિયત સમય મર્યાદામાં ટ્રાફીકસેલ/આ.નં.૧૫૭૨ તા.૧૦–૧૨–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારે માંગેલ માહિતી નિયત સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. આથી માહિતી બાબતે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ છે.આમ માહિતી બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. પરંતુ અરજદારે અપીલમાં માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે તેમ છતાં અરજદારને માહિતીની નકલ મળેલ ન હોઈ પુનઃ પૂરી પાડવા ઈ.ચા. કાર્યપાલક ઈજનેર જાહેર માહિતી અધિકારી ટ્રાફીકસેલને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ટ્રાફીકસેલ),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી શાંતિલાલ બબનરાવ સેગંડકર